# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ નર્મદા જિલ્લાના એકતાનગરની મુલાકાતે આવશે.
2) સરકારી પ્રાથમિક શાળાઓમાં 13 હજારથી વધુ જગ્યા માટે વિદ્યાસહાયકની ભરતી કરાશે.
3) દિવાળી અને છઠ પૂજા દરમિયાન અમદાવાદથી 22 વિશેષ ટ્રેન દોડશે- ST વિભાગ બીજી નવેમ્બર સુધી વધારાની 2200 બસ દોડાવશે.
4) ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ “ફૂડ સેફ્ટી” પખવાડિયા અંતર્ગત રાજ્યમાંથી સાત કરોડથી વધુનો શંકાસ્પદ ખાદ્યપદાર્થ જપ્ત કર્યો.
5) રાજ્યની 8 હજાર જેટલી ગ્રામ પંચાયતો ખાતેથી મળતી નિઃશુલ્ક વાય-ફાય ઇન્ટરનેટ સુવિધાની સમયમર્યાદા વધારીને એક કલાક કરવામાં આવી.

---

## PM Kevadiya Visit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અને આવતીકાલે રાજ્યના એકતાનગર, કેવડિયાની મુલાકાતે આવી રહ્યા છે.

શ્રી મોદી આજે 280 કરોડ રૂપિયાથી વધુના વિવિધ માળખાકીય અને વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ અંગેનો એક અહેવાલ....

(ઓડિયો – વાઈસ કાસ્ટ જયેશ વેગડા)

---

## VIDYA SAHAYAK BHARATI

રાજ્ય સરકારે સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે પેહલી નવેમ્બરે પ્રાથમિક શાળાઓમાં અંદાજે 13 હજાર 800 જગ્યા માટે વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાત કરી છે.

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયાએ સોશિયલ મીડિયા એક્સ પર ટ્વીટ કરી આ માહિતી આપી હતી. તેમણે લખ્યું કે, સરકારી પ્રાથમિક શાળામાં કામ કરતાં શિક્ષકમિત્રો અને નોકરી ઈચ્છુક યુવાનો માટે પેહલી નવેમ્બરે વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત કરાશે. આ ભરતીની સમાંતર હાલ કામ કરતા શિક્ષકો માટે જિલ્લા ફેરબદલીનું પણ આયોજન કરાશે.

---

## ST BUS EXTRA TRIP

દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યના એસ.ટી. વિભાગ દ્વારા વધુ બાવીસ સો બસ દોડાવીને આઠ હજાર વધારાની ટ્રીપનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. મુસાફરો પોતાના પરિવાર સાથે તહેવાર મનાવી શકે તે માટે એસ.ટી. વિભાગના 11 હજાર જેટલા કર્મચારીઓ ફરજ પર હાજર છે.

રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પણ એસ.ટી. નિગમના તમામ કર્મચારીઓને તેમની સેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખી લાભપાંચમથી અગિયારસ દરમિયાન પણ વધારાની ટ્રીપનું સંચાલન કરાશે.

રાજ્યના નાગરિકોને ઘરઆંગણે જ બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે "એસટી આપને દ્વારે" પ્રોજેક્ટ અમલમાં મુકાયો છે. આ પ્રોજેક્ટ હેઠળ પાંચ દિવસમાં 289 બસના બુકિંગ થયા છે, જેમાં ચાર હજાર લોકોએ આ સેવાનો લાભ લીધો છે અને 11 હજાર જેટલા લોકો દિવાળી અને નૂતન વર્ષના દિવસે ઘરઆંગણે બસ સુવિધાનો લાભ લેશે.

------------------------------------------------------------------------

## PAKSHI UDHYAN

ભાવનગરના વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં કઝાકિસ્તાનથી આવેલા બારસો જેટલા હેરિયર પંખીઓ મહેમાન બન્યા છે.

રેન્જ ઓફિસર ડી.જી.ગઢવીએ જણાવ્યું હતું કે, વર્ષાઋતુ પૂર્ણ થવા સાથે અને શિયાળાની ઋતુના આગમન થતાં વેળાવદર ઉદ્યાન અને આસપાસના ઈકો ઝોનમાં હેરિયર પંખીઓ મહેમાનગતિ માણવા આવી પહોંચતા હોય છે. અત્યાર સુધીમાં અનેક પંખીઓ સતત ઊડાન ભરીને હિમાલયની પર્વતમાળા ઓળંગીને શિયાળો ગાળવા વેળાવદર પહોંચ્યા છે.

**(બાઈટ : ડી.જી. ગઢવી, રેન્જ ઓફિસર)**

------------------------------------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો.

---

# FOOD SAFETY RUSHIKESH PATEL

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા “ફૂડ સેફ્ટી” પખવાડિયા અંતર્ગત સાત કરોડ ત્રણ લાખથી વધુનો શંકાસ્પદ ખાદ્યપદાર્થ કબજે કરી વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, 25 ઑકટોબર સુધી યોજાયેલા પખવાડિયા અંતર્ગત અત્યાર સુધી નવ હજાર 900થી વધુ નમૂના લેવામાં આવ્યા હતા. જ્યારે 4 હજાર 700 જેટલા નિરીક્ષણ કરાયા હતા.

શ્રી પટેલે ઉમેર્યું કે, અત્યાર સુધી તંત્ર દ્વારા રાજ્યમાં વિવિધ જગ્યાએ આકસ્મિક કુલ 175 દરોડા પાડી 260 ટન જેટલો અંદાજે 7 કરોડ 3 લાખ રૂપિયાનો શંકાસ્પદ ખાદ્યચીજનો જથ્થો જપ્ત કરાયો હતો. આ ખાદ્યપદાર્થો બિનઆરોગ્યપ્રદ હોવાથી તેના પૃથક્કરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરાશે. ઉપરાંત 22 લાખ 3 હજાર રૂપિયાની કિંમતનો 12 હજાર 95 કિલો બિનઆરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરાયો હતો.

---

# GRAM PANCHAYAT WiFi

રાજ્ય સરકારે ગ્રામ પંચાયતો ખાતેથી મળતી નિઃશુલ્ક વાય-ફાય ઇન્ટરનેટ સુવિધાની મર્યાદા વધારીને એક કલાક કરી છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની એક યાદીમાં જણાવાયું છે કે, રાજ્યભરમાં અંદાજે આઠ હજાર ગ્રામ પંચાયતો ખાતેથી વિલેજ વાય-ફાય પ્રૉજેક્ટ અંતર્ગત નાગરિકોને હાલમાં વાય-ફાય મારફતે 30 મિનિટ નિઃશુલ્ક ઇન્ટરનેટની સુવિધા મળે છે. હવે આ સમયમર્યાદા વધારીને એક કલાક કરવામાં આવી છે.

યાદીમાં જણાવ્યા અનુસાર, હાલમાં તમામ ગ્રામ પંચાયતોને ભારતનેટ પ્રૉજેક્ટ હેઠળ ઇન્ટરનેટની સુવિધા આપવામાં આવી રહી છે. ગ્રામ પંચાયતના નજીકના વિસ્તારોમાં વિવિધ નાગરિકલક્ષી સુવિધાઓ પહોંચાડીને ગ્રામ્યસ્તરે ડિજિટલ સાક્ષરતાનો દર વધારવા અને ડિજિટલ ડિવાઈડ ઘટાડવા પ્રયત્ન થઈ રહ્યા છે.

---

# SARKARI GAZATE

સરકારી, અર્ધ સરકારી કચેરીઓમાં સર્જાતી વિસંગતતાઓને દૂર કરવા રાજ્ય સરકારે નવું પગલું ભર્યું છે. હવે વ્યક્તિના નામ, અટક અને જન્મતારીખમાં સુધારા અંગે સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા વધુ 2 નવી સેવાનો સમાવેશ કરાયો છે. આ બે સેવા રાજ્ય સરકારના સાધારણ અને અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધ કરાશે એમ ગાંધીનગર સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી નિયામકની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં જણાવ્યા અનુસાર, નામ, અટક બદલીને તાત્કાલિક અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે પચ્ચીસ સો રૂપિયા અને સાધારણ ગેઝેટમાં એક હજાર રૂપિયાની બિન-રિફંડપાત્ર નોંધણી ફી ભરવી પડશે. અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે આવેલી અરજીઓ ત્રણ દિવસમાં અસાધારણ ગેઝેટના બીજા ભાગમાં પ્રસિદ્ધ કરાશે. જ્યારે સાધારણ ગેઝેટમાં દર ગુરૂવારે નિયમિત રીતે પ્રસિદ્ધ કરાતા ગેઝેટમાં પ્રસિદ્ધ થશે.

સરકારી ગેઝેટમાં જે નામ, અટક હોય તે જ સરકારી કચેરીઓમાં માન્ય રાખવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી ખાતાની વેબસાઈટ egazette.gujarat.gov.in પરથી મેળવી શકાશે.

---------------------------------------------------------------------

# AMBAJI TEMPLE TIME

દિવાળીના તહેવારને જોતા સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ખાતે આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. આ શનિવારે નૂતન વર્ષ નિમિત્તે સવારે 6થી 6.30 સુધી માતાજીની આરતી કરાશે.

જ્યારે સવારે સાડા છથી સાડા અગિયાર વાગ્યા સુધી દર્શન કરી શકાશે. બપોરના દર્શન સાડા બારથી સાંજે સવા ચાર વાગ્યા સુધીના રહેશે. સાંજે આરતીનો સમય સાડા છથી સાત વાગ્યા સુધીનો રહેશે. જ્યારે સાંજના દર્શન સાત વગ્યાથી રાતે નવ વાગ્યા સુધી કરી શકાશે.

---------------------------------------------------------------------

# ECO SENSITIVE VILLAGE - GIR SOMNATH

ગીર સોમનાથ જિલ્લા ક્લેક્ટરના હસ્તે ગઈકાલે ઈકો સેન્સિટીવ ઝોનમાં આવેલા ગામોના 23 લાભાર્થીઓને વિનામૂલ્યે પ્લોટની સહાય બાબતે સનદ વિતરણ કરાયું હતું.

ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, જામવાળા ગામે યોજાયેલા કાર્યક્રમમાં ગીર ગઢડા તાલુકાના જામવાળા, જૂના ઉગલા અને નવા ઉગલા ગામનાં લાભાર્થીઓને હવે PMAY અંતર્ગત 1 લાખ 20 હજાર, મનરેગા યોજના અંતર્ગત આશરે 17 હજાર રૂપિયા અને SBM યોજના અંતર્ગત શૌચાલય અને બાથરૂમ સહાય તથા અન્ય લાભો મળવાપાત્ર થશે.

---------------------------------------------------------------------